# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-01-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં રાજ્ય સરકાર સંચાલિત દેશની પહેલી બાયોસેફ્ટી લૅબ BSL – 4નું ભૂમિપૂજન કર્યું, માણસામાં 267 કરોડના વિકાસકામોના લોકાર્પણ-શિલાન્યાસ
2. સૌરાષ્ટ્રને દેશના સૌથી મોટા બહુક્ષેત્રીય ઉત્પાદન અને નિકાસ ઝોન તરીકે વિકસાવાશે – રાજકોટ VGRCમાં જાહેરાત
3. કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ભાવનગરના અદ્યતન હણોલ ગામને આદર્શ ગામ ગણાવ્યું
4. રાજ્યના નાગરિકો કેફી પદાર્થની હેરાફેરી કે વેચાણની માહિતી આપી શકે તે માટે પોલીસે મૉબાઈલ નંબર જાહેર કર્યો.
5. ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ પતંગ અને દોરાની ખરીદી કરવા બજારમાં ભીડ જામી – બે દિવસ સારો પવન રહેવાની હવામાન વિભાગની આગાહી
6. નવી મુંબઈમાં મહિલા પ્રીમિયર લીગ – WPL ક્રિકેટમાં ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH BSL4 GANDHINAGAR

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાતની ધરતી પરથી આજે ભારતીય સ્વાસ્થ્ય સુરક્ષા અને બાયો સૅફ્ટી ક્ષેત્રના વિકાસના નવા યુગની શરૂઆત થઈ છે. ગાંધીનગરમાં અંદાજે 362 કરોડ રૂપિયાના ખર્ચે રાજ્ય સરકાર સંચાલિત દેશની પ્રથમ “બાયોસેફ્ટી લૅબ BSL-4” પ્રયોગશાળાનું ખાતમુહૂર્ત કરતાં તેમણે આ વાત કહી. આ પ્રયોગશાળા જીવલેણ વાયરસ સામે લડવા ભારતનું અભેદ્ય સુરક્ષા કવચ અને જૈવ સુવિધાનો મજબૂત કિલ્લો સાબિત થશે તેવો વિશ્વાસ પણ શ્રી શાહે વ્યક્ત કર્યો.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) BSL-4**

શ્રી શાહે કહ્યું, આંતર-રાષ્ટ્રીય કક્ષાની આ પ્રયોગશાળા સંશોધકો અને યુવાનો માટે અનેક તકના દ્વાર ખોલશે. ગત એક દાયકામાં દેશની બાયો-ઇકોનોમી 10 બિલિયન ડૉલરથી વધુને 16.6 બિલિયન ડૉલરને પાર પહોંચી હોવાનું પણ શ્રી શાહે પોતાના સંબોધનમાં ઉંમેર્યું હતું.

આ અગાઉ ગાંધીનગરના માણસા ખાતે નગરપાલિકાના 267 કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી શાહે વર્ષ 2047 સુધીમાં દરેક ક્ષેત્રમાં ભારતને ટોચના સ્થાને લઈ જવા માટેની કેન્દ્ર સરકારની નેમ વ્યક્ત કરી હતી.

----------

# AMIT SHAH ANAND CONVOCATION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, જ્ઞાન અને ચરિત્ર ભેગા થઈ માનવી અને સમાજ માટે ઉપયોગી બને છે. આણંદમાં ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી – ચારુસેટ-ના 15-મા પદવીદાન સમારોહને સંબોધતા તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં ઉદ્દેશ નક્કી કરી પરિશ્રમ કરવા આહ્વાન કર્યું.

શ્રી શાહે સમાજ અને ભારત માટે કામ કરવાનો સંકલ્પ લેવા યુવાનોને અપીલ કરી. સાથે જ તેમણે સફળ જીવનનો મંત્ર પણ વિદ્યાર્થીઓને આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, બે હજારથી વધુ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. તેમજ 45 જેટલા વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અપાયો.

હવે શ્રી શાહ ખેડાના નડિયાદમાં સુપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં દર્શન પણ કરશે.

----------

## AMIT SHAH PAGE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના સનાથલ ખાતે ફાર્માસ્યૂટિકલ ઍકેડમી ફૉર ગ્લૉબલ ઍક્સલેન્સ – PAGEનું ખાતમુહૂર્ત કર્યું. ઉપરાંત તેમણે ભારતીય ઔષધીય જોડાણ – IPAના 25 વર્ષની ઉજવણી નિમિત્તે પ્રકાશિત કૉફી ટૅબલ “ધ ઍલ્કેમી ઑફ ક્યોરનું” પણ વિમોચન કર્યું.

ઉલ્લેખનીય છે કે, P.A.G.E. એ IPAની સભ્ય કંપનીઓ દ્વારા શરૂ કરાયેલા ઉદ્યોગ આધારિત રાષ્ટ્રીય કૌશલ્ય પહેલ છે. આ માટે IPAના

સભ્યોએ ઔષધીય ઉત્પાદન અને ગુણવત્તા ઉત્કૃષ્ટતાને ધ્યાનમાં રાખીને કુલ 50 મિલિયન અમેરિકન ડૉલરની રકમ ફાળવી છે.

----------

## VGRC SAURASHTRA MASTER PLAN

સૌરાષ્ટ્રને દેશના સૌથી મોટા મલ્ટી સેક્ટર મૅન્યુફેક્ચરિંગ અને ઍક્સપૉર્ટ ઝોન એટલે કે, બહુક્ષેત્રીય ઉત્પાદન અને નિકાસ પ્રભાગ - SaER તરીકે વિકસાવાશે. રાજકોટમાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCમાં રજૂ થયેલા ‘‘સૌરાષ્ટ્ર ઇકોનોમિક રિજનલ માસ્ટર પ્લાન’’માં આ અંગેની જાહેરાત કરવામાં આવી. દરમિયાન સૌરાષ્ટ્ર આર્થિક ક્ષેત્રના વિકાસ માટે અધાતુ ખનીજ સિરામિક્સ, ખાદ્ય પ્રસંસ્કરણ, ઇજનેરી સામાન અને પ્રવાસન પર ભાર મુકાયો હતો.

આ અંગે ગુજરાત રાજ્ય પરિવર્તન માટેની સંસ્થા – GRITનાં મુખ્ય કાર્યકારી અધિકારી – CEO એસ. અપર્ણાએ કહ્યું, સૌરાષ્ટ્રના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME-એ પેઢીગત વ્યવસાયોમાંથી બહાર નીકળીને મોટાપાયે વિકસતા સાહસમાં રૂપાંતરિત થવું જરૂરી છે.

----------

## BHAVNAGAR HANOL MAHOTSAV

ભાવનગરના હણોલ ગામમાં આત્મનિર્ભર હણોલ મહોત્સવમાં વિશેષ ઉપસ્થિત કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે હણોલને અદ્યતન અને

આદર્શ ગામ ગણાવ્યું. તેમણે દેશના તમામ ગામને હણોલથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો.

**(BYTE: SHIVRAJ SINGH CHAUHAN, UNION MINISTER)**

ઉલ્લેખનીય છે કે હણોલમાં આજથી ત્રણ દિવસના ગ્રામીણ ઑલિમ્પિકનો પ્રારંભ થયો. આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા, પૂર્વ આંતર-રાષ્ટ્રીય ખેલાડી પી.ટી.ઉષા, કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા સહિતનાં મહાનુભાવ ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે શ્રી માંડવિયાએ રમતગમત પ્રવૃત્તિને પ્રોત્સાહનનો હેતુ જીવનની ખેલદિલી શિખવવાનો હોવાનું જણાવ્યું.

----------

## GUJARAT POLICE PAHEL

રાજ્યના નાગરિકો કેફી પદાર્થની હેરાફેરી, વેચાણ કે અન્ય શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે કેફી પદાર્થ વિરોધી દળ – ANTFના વ્હોટ્સએપ નંબર 99040 01908 પર માહિતી આપી શકશે. નાગરિકો નાર્કોટિક્સ હૅલ્પલાઈન નંબર 1908 પર પણ ફોન કરી શકે છે. આ અંગેની માહિતી આપનારા નાગરિકોના નામ અને વિગત ગુપ્ત રખાશે.

રાજ્ય પોલીસની યાદી મુજબ, આ માહિતી રાજ્યના યુવાધનને બચાવવામાં મોટું યોગદાન આપી શકે છે. કેફી પદાર્થની હેરાફેરી રોકવા, શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ લાવવા અને નશાની લત છોડાવવા માટે કાર્યરત્ ANTF ગુજરાત પોલીસે આ નવી પહેલ શરૂ કરી.

----------

## UTTARAYAN TAIYARI

ઉત્તરાયણ પર્વની પૂર્વ સંધ્યાએ આજે રાજ્યભરમાં પતંગ અને દોરીની બજારમાં ખરીદી કરવા ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે.

દરમિયાન હવામાન વિભાગના નિદેશક ડૉક્ટર એ. કે. દાસે, ઉત્તરાયણ દરમિયાન રાજ્યમાં સારો પવન રહેવાની આગાહી કરી છે. તેમણે કહ્યું ઉત્તરાયણ પર્વમાં પવનની ગતિ પાંચથી 15 કિલોમીટર પ્રતિ કલાકની રહેશે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

બીજી તરફ, રાજ્યમાં આગામી 48 કલાક બાદ ઠંડીનું જોર ફરી વધી શકે છે. હાલ 7.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે.

----------

## WPL CRICKET GUJARAT MATCH

ક્રિકેટની મહિલા પ્રીમિયર લીગ – WPLમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે હમણાં સાડા સાત વાગ્યે મૅચ શરૂ થશે. મહારાષ્ટ્રમાં નવી મુંબઈના ડૉક્ટર ડી. વાય. પાટીલ રમતગમત અકાદમી ખાતે ગુજરાતની ટીમ એશલી ગાર્ડનર અને મુંબઈની ટીમ હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળ રમી રહી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, મુંબઈ ઇન્ડિયન્સે ટૉસ જીતીને બૉલિંગનો નિર્ણય કર્યો છે.

----------

## CM AMDAVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્ય સરકાર; સમાજની સાચી સેવા કરતી સંસ્થાઓની પડખે ઉભી રહેશે. અમદાવાદમાં બહેરા-મુંગા અને મનોદિવ્યાંગ બાળકોની તાલિમી તથા નિવાસી શાળા "પ્રકાશ"ની મુલાકાત દરમિયાન શ્રી પટેલે બાળકો અને શાળાના કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે દિવ્યાંગ બાળકોને મદદ કરવા લોકોને અનુરોધ કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

શ્રી પટેલે રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીયસ્તરે પહોંચેલા શાળાના બાળકો પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો. તેમણે આ ક્ષેત્રના બાળકોને સન્માનિત કર્યા. તેમજ ઉત્તરાયણ નિમિત્તે બોર અને ચિક્કીનું વિતરણ પણ કર્યું હતું.

----------

## Kite festival - DISTRICT

રાજ્યના કેટલાક જિલ્લામાં પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

વડોદરાના નવલખી મેદાનમાં આજથી પ્રારંભ થયેલા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'માં 18 દેશ અને ભારતના 7 રાજ્યોના સહિત કુલ 160 પતંગવીરોએ અવનવા અને આકર્ષક પતંગ ચગાવ્યા હતા. મહોત્સવમાં ઓપરેશન સિંદુર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ફોટો સાથેની 'આત્મનિર્ભર ભારત'નો સંદેશો આપતી પતંગ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

સુરેન્દ્રનગરની બજારોમાં  છેલ્લી ઘડીની ઘરાકીમાં વેપારીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

તો ભાવનગરના તળાજામાં દિવ્યાંગ બાળકોએ "ઉતરાયણ પર્વ" ઉજવ્યો હતો.

----------

## CHINESE DORI SEIZED

અમદાવાદ ગ્રામ્ય પોલીસે સેલવાસમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું ઉત્પાદન કરતા કારખાનાને પકડી પાડ્યું છે. તપાસ દરમિયાન કારખાનામાંથી બે કરોડ રૂપિયાથી વધુનો સામાન કબજે કરાયો હતો. સાથે જ અમદાવાદ ગ્રામ્ય પોલીસે અત્યાર સુધીમાં 58 કેસમાં 55 હજાર ચાઈનીઝ દોરીની રીલ જપ્ત કરી હોવાનું અમદાવાદ ગ્રામ્ય પોલીસના SP ઓમપ્રકાશ જાટે જણાવ્યું.

**(BYTE: OM PRAKASH JAT, SP, AHMEDABAD RURAL)**

----------